# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## તા. 13/08/2022ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની વર્ષ 2022-23ની દ્વિતીય બેઠક તા. 13-08-2022 ને શનિવારના રોજ બપોરે 03-00 વાગ્યે આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં પરિસંવાદ ખંડ, મ.દે. સમાજસેવા સંકુલમાં રૂબરૂ તથા ઓનલાઇન મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

(1) ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી : અધ્યક્ષશ્રી (કુલનાયક, ગૂ.વિ., અમદાવાદ)

(2) ડૉ. રામ ગોપાલ સિંહ : સભ્યશ્રી (ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ.)

(3) ડૉ. કનૈયાલાલ નાયક : સભ્યશ્રી, (ડીન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, અમદાવાદ.)

(4) ડૉ. દિપુબા દેવડા : સભ્યશ્રી, (ડીન, શિક્ષણ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, અમદાવાદ.) (ઓનલાઇન)

(5) ડૉ. પ્રેમ આનંદ મિશ્ર : સભ્યશ્રી (ડીન, ગાંધીદર્શન અભ્યાસક્રમ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ગાંધીદર્શન વિભાગ, અમદાવાદ.) (ઓનલાઇન)

(6) ડૉ. આનંદીબહેન પટેલ : સભ્યશ્રી (ડીન, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ.) (ઓનલાઇન)

(7) ડૉ. જગદિશચંદ્ર સાવલિયા : સભ્યશ્રી (ડીન, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, સાદરા.) (ઓનલાઇન)

(8) ડૉ. નીરજભાઈ શેઠ : સભ્યશ્રી (ડીન, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ, સાદરા.) (ઓનલાઇન)

(9) ડૉ. અજયભાઈ પરીખ : સભ્યશ્રી (ડીન, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, અમદાવાદ.)

(10) ડૉ. સંજયભાઈ મકવાણા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(11) ડૉ. જસવંતભાઈ પંડ્યા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(12) ડૉ. નિમિષાબહેન શુક્લ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, અમદાવાદ, અને આમંત્રિત સભ્ય, સંયોજક, IQAC ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

(13) ડૉ. અરુણભાઈ ગાંધી : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(14) ડૉ. ગીતાબહેન વ્યાસ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(15) ડૉ. અશ્વિનભાઈ ચૌહાણ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(16) ડૉ. પ્રયત્કરભાઈ કાનડિયા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(17) શ્રી ઉષાબહેન પટેલ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગૃહવિજ્ઞાન વિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.) (ઓનલાઇન)

(18) ડૉ. મયૂરીબહેન ફાર્મર : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, રાંધેજા.) (ઓનલાઇન)

(19) ડૉ. ભરતભાઈ જોશી : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ)

(20) ડૉ. ધીરેનભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ)

(21) ડૉ. રાજીવભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, રાંધેજા અને આમંત્રિત સભ્ય, સંયોજકશ્રી, મ.દે. રાંધેજા.) (ઓનલાઇન)

(22) ડૉ. પુનિતાબહેન હર્ણે : સભ્યશ્રી (પ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(23) ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(24) ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(25) ડૉ. ડાહ્યાભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(26) ડૉ. જગદીશચંદ્ર ગોઠી : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.) (ઓનલાઇન)

(27) ડૉ. મુંજાલ ભીમડાદકર : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(28) શ્રી રણછોડભાઈ ચૌહાણ : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક) અમદાવાદ

(29) ડૉ. જ્યોતિબહેન લાંબા : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા.)

(30) ડૉ. રુચિતાબહેન શાહ : સભ્યશ્રી (મદદનીશ પ્રાધ્યાપક, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ.)

(31) શ્રી રમેશભાઈ પટેલ : નિમંત્રિત સભ્યશ્રી, (સંયોજક, મ.દે. ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.)

(32) શ્રી વિશાલભાઈ ભાદાણી : નિમંત્રિત સભ્યશ્રી, (ટ્રસ્ટીશ્રી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.) (ઓનલાઇન)

(33) ડૉ. ગૌરાંગભાઈ જાની : સભ્યશ્રી, (નિવૃત્ત પ્રાધ્યાપક, કુલનાયકશ્રી દ્વારા નિયુક્ત શિક્ષણશાસ્ત્રી, અમદાવાદ.) (ઓનલાઇન)

(34) ડૉ. નિખિલ ભટ્ટ : સચિવશ્રી (કા. કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.)

(1) ડૉ. કમલેશભાઈ પટેલ, સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, યોગ વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા અને આમંત્રિત સભ્ય, સંયોજક, મ.દે. સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ) અનુપસ્થિત રહેવાની અગાઉથી જાણ કરી હતી.

(1) ડૉ. મહેશભાઈ ગામીત, સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ) (2) શ્રી રતિલાલ અમીન, સભ્યશ્રી (મદદનીશ પ્રાધ્યાપક, ગાંધીદર્શન વિભાગ, ગાંધીદર્શન અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ.) (3) ડૉ. એસ. આર. દવે, સભ્યશ્રી, (નિવૃત્ત પ્રાધ્યાપક, કુલનાયકશ્રી દ્વારા નિયુક્ત શિક્ષણશાસ્ત્રી, અમદાવાદ.) (4) ડૉ. કિશોરભાઈ જોશી, સભ્યશ્રી, (પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, મ.કૃ. ભાવનગર યુનિવર્સિટી, કુલનાયકશ્રી દ્વારા નિયુક્ત શિક્ષણશાસ્ત્રી, ભાવનગર.) (5) શ્રી નીતાબહેન હાર્દીકર, નિમંત્રિત સભ્યશ્રી, (ટ્રસ્ટીશ્રી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.) અનુપસ્થિત રહેવાની અગાઉથી જાણ કરી ન હતી.

શ્રી પીયૂષભાઈ શાહ, કા. પરીક્ષા નિયામક, પરીક્ષા વિભાગ તથા વિદ્યાકીય શાખા તરફથી ઇ. મદદનીશ કુલસચિવ શ્રી કૌશિકભાઈ પટેલ અને વિભાગીય અધિકારી (S.O.) શ્રી હેમંતભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

**કાર્ય-1** તા. 28-04-2022ની વિદ્યાસભાંની અહેવાલનોંધમાં ઠરાવ-10માં એમ.એ. યોગવિદ્યામાં પ્રવેશ માટે બ્રીજકોર્સની જરૂર નથી તેવા સુધારાને આમેજ કરવા અને અમલવારીનોંધને બહાલી આપવા બાબત.

**ઠરાવ-1** તા. 28-04-2022ની વિદ્યાસભાની અહેવાલનોંધ નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઠરાવ-2 બી.આર.એસ. ગ્રામઆયોજન અને વિકાસ

કાર્ય-6 ક્ષેત્રકાર્ય આધારિત સંશોધન અહેવાલ પાઠ્યક્રમ નં. 410

ઠરાવ-7 ડીનની સમિતિના સભ્ય સચિવ ડૉ. નિમિષાબહેન શુક્લની નિમણૂક.

ઠરાવ-9 અન્ય યુનિવર્સિટીઓની જોગવાઈ તપાસવા તા. 24-08-2022ના રોજ મળનારી ફી સ્ટ્રકચર સમિતિમાં કાર્ય મૂકવું.

ઠરાવ-10 માં M.Y.A.Sc. (યોગવિદ્યા)માં પ્રવેશ માટે બ્રીજકોર્સની જરૂર નથી.

ઠરાવ-11 B.C.A. અભ્યાસક્રમની ફી રૂ. 18000/- વાર્ષિક છે.

કાર્ય-2 શ્રી ધવલભાઈ રમણલાલ પટેલના પત્ર અનુસાર બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સમાં પ્રથમ આવનારને "શ્રી રમણલાલ લ. પટેલ" (પૂર્વ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી) તામ્રપત્ર અને માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સમાં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને "શ્રીમતી ભારતીબહેન રમણલાલ પટેલ" તામ્રપત્ર એનાયત કરવા બાબતે.

ઠરાવ-2 શ્રી ધવલભાઈ રમણલાલ પટેલના પત્ર અનુસાર બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સમાં પ્રથમ આવનારને "શ્રી રમણલાલ લ. પટેલ" (પૂર્વ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી) તામ્રપત્ર અને માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સમાં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને "શ્રીમતી ભારતીબહેન રમણલાલ પટેલ" તામ્રપત્ર એનાયત કરવા દાન સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું.

ઉપરાંત માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ અભ્યાસક્રમમાં સમગ્ર રીતે પ્રથમ આવનાર વિદ્યાર્થીને "શ્રી મહિપતસિંહ ધીરુભા વાઘેલા" (પૂર્વ મદદનીશ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય)ના નામથી વર્ષ 2021થી તામ્રપત્ર એનાયત કરવા આવેલા દાનને સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-3 વિભાગીય અધ્યક્ષ, માઇક્રોબાયોલોજી વિભાગના તા. 22-07-2022ના પત્ર અનુસાર (વર્ષ 2021-22માં પ્રવેશ મેળવેલ) B.Sc./M.Sc. Sem-1માં અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને B.Sc./M.Sc. Sem-3માં અભ્યાસ કરવા માટે આ. કુલનાયકશ્રીએ કોરોના અસરને કારણે ખાસ કિસ્સામાં આપેલી મંજૂરીને બહાલી આપવા બાબત.

ઠરાવ-3 વિભાગીય અધ્યક્ષ, માઇક્રોબાયોલોજી વિભાગના તા. 22-07-2022ના પત્ર અનુસાર (વર્ષ 2021-22માં પ્રવેશ મેળવેલ) B.Sc./M.Sc. Sem-1ના અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને B.Sc./M.Sc. Sem-3માં અભ્યાસ કરવા માટે કોરોના અસરને કારણે (પ્રાયોગિક કાર્યના કારણે) ખાસ કિસ્સામાં આ. કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 તા. 21-06-2022ના રોજ મળેલી પરીક્ષા શુદ્ધિ સમિતિના અહેવાલ બાબત.

ઠરાવ-4 તા. 21-06-2022ના રોજ મળેલી પરીક્ષા શુદ્ધિ સમિતિના અહેવાલને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5 કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગના શૈક્ષણિક સેવકોને વેકેશન આપવા માટે અધ્યક્ષ, કોમ્પ્યૂટર વિભાગના તા. 13-06-2022ના પત્ર બાબત.

ઠરાવ-5 કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગના શૈક્ષણિક સેવકોને શૈક્ષણિક સત્ર 20222-23થી અમલી થાય તેમ વેકેશન આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-6 તા. 28-04-2022ની વિદ્યાસભાના ઠરાવ નં.-9 અંતર્ગત UGC Care Listમાં પ્રકાશિત લેખો/શોધપત્રો અંગે શિક્ષણશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકોના પત્ર બાબત.

ઠરાવ-6 આ બાબતે ચર્ચા કરતાં જણાયું કે (1) ગૂજરાત વિદ્યાપીઠ પોતે આવી યાદી બહાર પાડે તેમાં કયા સામયિકનો સમાવેશ કરી શકાય તેની માહિતી દરેક વિભાગ પરામર્શન સમિતિ દ્વારા 21 દિવસમાં મોકલી આપે. જે વિભાગ આ માહિતી ના મોકલે તે વિભાગને સંબંધિત સામયિકો ઉપલબ્ધ નથી તેમ સમજવાનું રહેશે. (2) અન્ય યુનિવર્સિટીઓમાં શું જોગવાઈ છે તે તપાસવાનું ઠરાવવામાં આવ્યું. (3) જરૂર જણાય તો ઇન્ફ્લિબનેટનો સંપર્ક કરવો. (4) વર્ષ 2021 Ph.D.માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને વિભાગે તૈયાર કરેલું Care List લાગુ પડશે તે પહેલાંના વિદ્યાર્થીઓને અગાઉની જોગવાઈ લાગુ રહેશે. ફી માટેની સમિતિ આ માટે અહેવાલ તૈયાર કરીને આપશે.

કાર્ય-7 Integrated Teacher Education Programme (ITEP)નો B.A.B.Ed. (I-Unit-50 Intake) અભ્યાસક્રમ વર્ષ 2024 થી શરૂ કરવા ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખાના પત્ર બાબત.

ઠરાવ-7 Integrated Teacher Education Programme (ITEP)નો B.A.B.Ed. (I-Unit-50 Intake) અભ્યાસક્રમ વર્ષ 2024 થી શરૂ કરવા સૈદ્ધાંતિક મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું. ગ્રામસેવા સંકુલ સાદરા, રાંધેજામાં ચાલતા સ્નાતક અભ્યાસક્રમ સાથે સંકલન કરીને આ અભ્યાસક્રમ શરૂ કરી શકાય.

કાર્ય-8 હિન્દીના એડઓન અભ્યાસક્રમોમાં ગૂજરાત વિદ્યાપીઠના ચાલુ વિદ્યાર્થીઓની બેવડાતી ફી ન લેવા અંગે હિન્દી વિભાગની દરખાસ્તને આ.કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવા બાબત.

ઠરાવ-8 હિન્દીના એડઓન અભ્યાસક્રમોમાં ગૂજરાત વિદ્યાપીઠના ચાલુ વિદ્યાર્થીઓની બેવડાતી ફી ન લેવા અંગે હિન્દી વિભાગની દરખાસ્તને આ.કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-9 નીચે મુજબના વિવિધ અભ્યાસક્રમો/સુધારા-વધારાને મંજૂરી આપવા બાબત.

ઠરાવ-9 સમાજશાસ્ત્ર વિષયક અભ્યાસક્રમો અંગે વિભાગીય અધ્યક્ષ ઉપસ્થિત રહ્યા ન હતાં તેથી હાલ મંજૂરી નહીં આપવાનું અને તે સિવાયના તમામ અભ્યાસક્રમોને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | વિષય | પરિસર |
|---|---|---|---|
| 1 | **સમાજશાસ્ત્ર વિષયક અભ્યાસક્રમ**<br>બી.એ., એમ.એ. અને CBCS અભ્યાસક્રમમાં સુધારા-વધારા | સમાજશાસ્ત્ર | અમદાવાદ<br>રાંધેજા |
| 2 | **શિક્ષણશાસ્ત્ર વિષયક અભ્યાસક્રમો**<br>1. **CBCS અભ્યાસક્રમ**<br>(અ) શૈક્ષણિક લેખન રજૂઆત, (બ) નાટ્યકલા<br>2. **એમ.એડ્. અભ્યાસક્રમ**<br>**(અ) ઉદ્યોગ**<br>(1) બાગાયત ઉદ્યોગ – સજીવખેતી/બાગબાની/પર્યાવરણ જાળવણી<br>(2) ગૃહઉદ્યોગ – નેચરલ સાબુ, વેસેલીન, બામ અને ફિનાઈલ<br>(3) વસ્ત્રનિર્માણ (સીવણ) ઉદ્યોગ- ઉરેફ/પેટીકોટ, એપ્રેન, ઓશિકાનું કવર નિર્માણ<br>**(બ) 304 – શિક્ષક પ્રશિક્ષણમાં નવીનીકરણ અને સંશોધન**<br>3. **બી.એડ્.ના અભ્યાસક્રમ**<br>(1) B-101/102 વિદ્યાશાખા અને વિષયની સમજ તથા પદ્ધતિશાસ્ત્ર-1 - વિજ્ઞાન<br>(2) B-101/102 વિદ્યાશાખા અને વિષયની સમજ તથા પદ્ધતિશાસ્ત્ર-2 – ગણિત<br>(3) B-101/102 વિદ્યાશાખા અને વિષયની સમજ તથા પદ્ધતિશાસ્ત્ર-1 – સામાજિક વિજ્ઞાન<br>(4) B-201/202 વિદ્યાશાખા અને વિષયની સમજ તથા પદ્ધતિશાસ્ત્ર-1 – વિજ્ઞાન<br>(5) B-201/202 વિદ્યાશાખા અને વિષયની સમજ તથા પદ્ધતિશાસ્ત્ર-2 – ગણિત<br>(6) B-201/202 વિદ્યાશાખા અને વિષયની સમજ તથા પદ્ધતિશાસ્ત્ર-1 – સામાજિક વિજ્ઞાન<br>4. **પ્રમાણપત્રીય અભ્યાસક્રમ**<br>1. Research Methodology & Data Analysis<br>2. Curriculum Development | શિક્ષણશાસ્ત્ર | અમદાવાદ |
| 3 | **કોમ્પ્યૂટર વિષયક અભ્યાસક્રમો** | કોમ્પ્યૂટર | અમદાવાદ |

| | | | |
|---|---|---|---|
| | 1. BCA સત્ર-1 અને સત્ર-2 અભ્યાસક્રમ<br>2. MCA સત્ર-1 પ્રશ્નપત્ર Bridge Course-IV : Introduction to Mathematicsના અભ્યાસક્રમને મંજૂરી<br>3. MCA સત્ર-3 ગ્રામજીવન પદયાત્રાનો Teaching and Evaluation Schemeમાં સમાવેશ<br>4. AICTE-KARMA યોજના અંતર્ગત નીચે મુજબના પ્રમાણપત્રીય અભ્યાસક્રમ શરૂ કરવા તથા તેની ફી મંજૂર કરવા બાબત<br>1. Programming with Python – 144 Hours<br>2. Certificate Android Apps Developer – 100 Hours<br>3. Certificate Course in Linux, Apache, MySQL & PHP – 80 Hours | | |
| 4 | **ઇતિહાસ વિષયક અભ્યાસક્રમો**<br>1. પ્રવાસન માર્ગદર્શક તાલીમી અનુસ્નાતક પ્રમાણપત્રીય અભ્યાસક્રમ<br>2. બૌદ્ધધર્મનો વિકાસ અને દાર્શનિક સિદ્ધાંતો (પ્રમાણ-પત્રીય/CBCS અભ્યાસક્રમ) | ઇતિહાસ | અમદાવાદ |
| 5 | **ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રના અભ્યાસક્રમો**<br>AICTE-KARMA યોજના અંતર્ગત નીચે મુજબના પ્રમાણપત્રીય અભ્યાસક્રમ<br>1. Course on Computer Concept – 80 Hours<br>2. Assistant Fashion Designer – 500 Hours<br>3. Assistant Yoga Instructor - Level - 3<br>4. Health Worker - Level - 3<br>5. Dress Making (CTS) – 2080 Hours<br>6. Domestic Data Entry Operator – 400 Hours<br>7. Agriculture Extension Service Provider – 130 Hours<br>8. Garment Maker/Dress Maker - Level – 3<br>9. Hand Embroiderer, Zari/Hand Embroiderer – Level – 4 | ગ્રામવ્યવસ્થાપન | રાંધેજા |

**કાર્ય-10** નવા અભ્યાસક્રમો શરૂ કરવા બાબત

**ઠરાવ-10** (1) ફોટો જર્નાલિઝમનો અભ્યાસક્રમ તૈયાર કરવા વિભાગીય અધ્યક્ષ પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ અને દૃશ્યશ્રાવ્ય નિર્માણ વિભાગ વિગતે દરખાસ્ત રજૂ કરે તેમ ઠરાવવામાં આવ્યું.

(2) વિભાગીય અધ્યક્ષ, માઇક્રોબાયોલોજી વિભાગ અને વિભાગીય અધ્યક્ષ ગૃહવિજ્ઞાન વિભાગ સંયુક્ત રીતે વર્તમાન B.Voc. FTP અભ્યાસક્રમને સ્થાને B.Sc. FTPમાં તબદિલ કરવું તથા સાથેની સંબંધિત યાદીમાંથી અનુકૂળ અભ્યાસક્રમો નક્કી કરી દરખાસ્ત રજૂ કરે તેમ ઠરાવવામાં આવ્યું.

(3) NEP 2020ને આનુષંગિક B.Sc. in Mental Health Care અભ્યાસક્રમ શરૂ કરવા સમાજકાર્ય, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ અને યોગવિદ્યા વિભાગના વિભાગીય અધ્યક્ષો સંયુક્ત રીતે દરખાસ્ત રજૂ કરે તેમ ઠરાવવામાં આવ્યું. આ કાર્યનું સંકલન વિભાગીય અધ્યક્ષશ્રી, સમાજકાર્ય વિભાગ કરશે.

**કાર્ય-11** માઇગ્રેશન સર્ટિફિકેટ અને એલિજિબિલિટી સર્ટિફિકેટ અંગે પરીક્ષા વિભાગના પત્ર બાબત.

**ઠરાવ-11** માઇગ્રેશન સર્ટિફિકેટ અને એલિજિબિલિટી સર્ટિફિકેટ અંગે પરીક્ષા વિભાગના પત્ર બાબતે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ તા. 10-09-2022 સુધીમાં અહેવાલ રજૂ કરે તેમ ઠરાવવામાં આવ્યું.

(1) ડૉ. અજયભાઈ પરીખ, વિભાગીય અધ્યક્ષ, કોમ્પ્યૂટર વિભાગ / સમિતિના સભ્ય

(2) ડૉ. ધીરેનભાઈ પટેલ, પ્રાધ્યાપક, કોમ્પ્યૂટર વિભાગ / સમિતિના સભ્ય

(3) શ્રી રણછોડભાઈ ચૌહાણ, સહ-પ્રાધ્યાપક, પરીક્ષા વિભાગ / સમિતિના સભ્ય

(4) શ્રી પીયૂષભાઈ શાહ, પરીક્ષા નિયામક / સમિતિ સભ્ય સચિવ

**કાર્ય-12** છ માસનો સંગીતનો પ્રમાણપત્રીય અભ્યાસક્રમ શરૂ કરવા સંયોજક, મ.દે. સમાજસેવા સંકુલના પત્ર બાબત.

**ઠરાવ-12** હાલ આ અભ્યાસક્રમને CBCSમાં સમાવેશ ન કરવા અને માત્ર છ માસનો સંગીતનો પ્રમાણપત્રીય અભ્યાસક્રમ શરૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-13** CUET દ્વારા સ્નાતકમાં પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થવાથી નિર્ણય કરવા બાબત.

**ઠરાવ-13** CUET દ્વારા સ્નાતકમાં પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ બાબત CUET પ્રવેશ પરીક્ષાના પરિણામ સુધી રાહ જોવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-14** પદવીદાન સમારંભ અંગેના વિવિધ પુરસ્કારો બાબત.

**ઠરાવ-14** જે વિષય કે અભ્યાસક્રમમાં કોઈ જ પ્રકારના પુરસ્કારની જોગવાઈ ના હોય ત્યાં જ તામ્રપત્ર અંગેનું દાન સ્વીકારવાનું અને તે સિવાય માત્ર રજતચંદ્રક અને સુવર્ણચંદ્રક માટેનું જ દાન સ્વીકારવું અને હવે પછી રોકડ પુરસ્કાર માટે પણ દાન ન સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-15** National Education Policy-2020ના અમલીકરણ બાબત.

**ઠરાવ-15** National Education Policy-2020ના અમલીકરણ કરવાનું સૈદ્ધાંતિક રીતે ઠરાવવામાં આવ્યું આ માટેની કામગીરી બાબત નવેમ્બર-2022 સુધી ડૉ. દીપુબા દેવડાને નોડલ ઓફિસર તરીકે નીમવામાં આવ્યાં, ત્યારબાદ ડૉ. ભરતભાઈ જોશી નોડલ ઓફિસર તરીકેની કામગીરી સંભાળશે તેમ ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-16** વર્ષ-2021માં પ્રવેશ મેળવેલા પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને ત્રણ દિવસના ઓરીએન્ટેશન વર્ગો બાબત.

**ઠરાવ-16** વર્ષ-2021માં પ્રવેશ મેળવેલા પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને ત્રણ દિવસના ઓરીએન્ટેશન વર્ગો ઓક્ટોબર મહિનામાં દરેક પરિસરના સંયોજક ગોઠવે તેમ ઠરાવવામાં આવ્યું.

22/08/2022

(ડૉ. નિખિલ ભટ્ટ)

કા. કુલસચિવ